# તારીખ ૨જી માર્ચ ૨૦૧૯નાં રોજ બપોરે ૦૪ :૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલય ખાતે મળેલ એક્ઝિક્યુટીવ કાઉન્સિલના સભ્યશ્રીઓની સભાની મિનિટ્સ નોંધ :

આજ રોજ તારીખ ૨જી માર્ચ. ૨૦૧૯ને શનિવારનાં બપોરે ૦૪ :૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલય ખાતે એક્ઝિક્યુટીવ કાઉન્સિલની બેઠક માનનીય કાર્યકારી કુલપતિશ્રીના અધ્યક્ષ સ્થાને યોજાયેલ, આ સભામાં નીચે મુજબના સભ્યશ્રીઓ હાજર રહેલ હતા. અધ્યક્ષશ્રી દ્વારા સૌ સભ્યશ્રીઓનાં આવકાર અને ગુજરાત સ્ટેટ ઈન્સ્ટિટ્યુશનલ રેટિંગ ફ્રેમ વર્ક (જીએસઆઈઆરએફ) મારફતે યુનિવર્સિટને વર્ષ ૨૦૧૭–૧૮ માટે ૨.૭૨ સીજીપીએ અને ૩ સ્ટાર સાથે ક્રમાંક ૧૩ મેળવેલ હોય, સદર બાબતની જાણ કરવામાં આવી અને સભ્યશ્રીઓ દ્વારા આ સિધ્ધને બીરદાવતા અભિનંદન પાઠવેલ હતા સાથે સાથ કાર્યકારી કુલપતિશ્રી પ્રો.ડાં દર્શનાબેન ધોળકિયાએ વિશ્વભારતી સંસ્થાન,અમદાવાદ દ્વારા મહિલા દિવસ નિમત્તે મેળવેલ શ્રીમતિ હીરાબેન પાઠક વિવેચન પારિતોષિક બદલ પણ અભિનંદન પાઠવેલ હતા ત્યાર બાદ આગળની કાર્યવાહીની શરૂઆત કરવામાં આવી.

| સભ્યશ્રીનું નામ અને હોદ્દો | હાજર / ગેરહાજર |
|---|---|
| પ્રો.ડૉ. ડી. સી. ધોળકિયા —**અધ્યક્ષશ્રી**<br>માનનીય કાર્યકારી કુલપતિશ્રી, કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,ભુજ – કચ્છ. | હાજર |
| ડાયરેકટર ઓફ હાયર એજ્યુકેશન, —**સભ્યશ્રી**<br>ગુજરાત રાજ્ય, ગાંધીનગર. | ગેર હાજર |
| ડાયરેકટર ઓફ ટેકનિકલ એજ્યુકેશન, —**સભ્યશ્રી**<br>ગુજરાત રાજ્ય, ગાંધીનગર. | ગેર હાજર |
| ડાયરેકટર ઓફ હેલ્થ એન્ડ મેડિકલ સર્વિસ એન્ડ મેડિકલ એજ્યુકેશન, ગુજરાત રાજ્ય, ગાંધીનગર. —**સભ્યશ્રી** | ગેર હાજર |
| પ્રો.ડૉ.શ્રી ડી.એમ.બકરાણીયા —**સભ્યશ્રી**<br>ડીનશ્રી, શિક્ષણ વિદ્યાશાખા, કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,ભુજ – કચ્છ. | હાજર |
| પ્રો. ડૉ.શ્રી પી. એસ.હિરાણી —**સભ્યશ્રી**<br>ડીનશ્રી, વાણિજ્ય વિદ્યાશાખા, કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,ભુજ – કચ્છ. | ગેર હાજર |
| ડૉ.શ્રી એસ.જી.ધર્માણી —**સભ્યશ્રી**<br>સંલગ્ન કોલેજનાં આચાર્યશ્રી,<br>ગાંધીધામ કોલેજીએટ બોર્ડ સંચાલિત તોલાણી કોલેજ ઓફ આર્ટસ એન્ડ સાયન્સ, આદિપુર – કચ્છ. | હાજર |

| | |
|---|---|
| ડૉ.શ્રી એમ.કે.પંડયા —સભ્યશ્રી<br>સંલગ્ન કોલેજનાં આચાર્યશ્રી,<br>ગાંધીધામ કોલેજીએટ બોર્ડ સંચાલિત તોલાણી કોલેજ ઓફ કોમર્સ,<br>આદિપુર – કચ્છ. | હાજર |
| પ્રો ડૉ. શ્રી એમ.જી.ઠક્કર —સભ્યશ્રી<br>પ્રોફેસર, ડિપાર્ટમેન્ટ ઓફ અર્થ એન્ડ એન્વાયરમેન્ટલ સાયન્સ,<br>કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,ભુજ – કચ્છ. | હાજર |
| ડૉ.શ્રી કે.એમ.ત્રિવેદી. —સભ્યશ્રી<br>એસોસીયેટ પ્રોફેસર, ભાષા ભવન, કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,<br>ભુજ – કચ્છ. | હાજર |
| શ્રી પ્રવિણભાઈ વી. પિંડોરીયા —સભ્યશ્રી<br>માનનીય કુલાધિપતિશ્રીના પ્રતિનિધિ, ભુજ – કચ્છ. | હાજર |
| શ્રી અરૂણભાઈ એચ.ભીન્ડે —સભ્યશ્રી<br>માનનીય કુલાધિપતિશ્રીના પ્રતિનિધિ, આદિપુર –કચ્છ. | હાજર |
| પ્રો ડૉ. શ્રી એમ.જી.ઠક્કર —મેમ્બર સેક્રેટરી<br>( આઈ.સી. કુલસચિવશ્રી, કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,ભુજ – કચ્છ.) | હાજર |

**૧. ગત સભાની મિનિટ્સ નોંધનું વાંચન અને બહાલી :**

ગત તારીખ ૨જી જાન્યુ.૨૦૧૯ના રોજ મળેલ સભાની મિનિટ્સ નોંધના વાંચની વિગતે નીચે મુજબ ઠરાવ કરવામા આવ્યો.

**<u>ઠરાવ : ૧ :</u> ગત તારીખ ૨જી જાન્યુ.૨૦૧૯ના રોજની મળેલ સભાની મિનિટ્સ નોંધ મુજબ થયેલ ઠરાવો અન્વયે નીચેની વિગતે ફેરફાર સાથે અન્ય વિગતો યથાવત રાખતા આથી સર્વાનુમતે બહાલ રાખવામાં આવે છે.**

**૧. ઠરાવ : ૩ : સ્વનિર્ભર અભ્યાસક્રમો પૈકી M.B.A. – Integratedની ટયુશન ફીની રકમ ઘટાડવા થયેલ રજૂઆતને ગ્રાહ્ય રાખતાં થયેલ ઠરાવ સંબંધે જયાં જયાં " સેમેસ્ટર દીઠ ટયુશન ફીની રકમ"...દર્શાવેલ છે તે વાકયોને રદ્દ કરીને, ત્યાં ત્યાં વર્ષ દીઠ ટયુશન ફીની રકમ....એમ ઉમેરીને વંચાણે લઈ ટીયુશન ફીની રકમ વસૂલવી.**

**૨. ઠરાવ : ૮ : IQAC સંદર્ભે અન્ય સભ્યશ્રીઓની નિયુકિત માટે તૈયાર કરાયેલ માળખાને રી–ફર્મ કરી નિયમિત કુલપતિશ્રીની નિમણૂંક થયા બાદની બેઠકમાં રજૂ કરવુ.**

**૩. ઠરાવ : ૨૪ : અનુસ્નાતક વિદ્યાર્થીઓની જરૂરિયાતને અનુલક્ષીને, ગ્રેડ માંથી ગુણ અને ટકાવારીનાં રૂપાંતર સાથેની માર્કશીટ આપવા બાબતે નીતિ નિયમો સંદર્ભે "નિયત થયેલ..." શબ્દો ઉમેરીને વંચાણે લેવું.**

**૪. ઠરાવ : ૩૬ : UGC Guidelines for B.Voc. અન્વયે Maths વિષય માટે પ્રવેશ લાયકાતનાં ધોરણોની સમીક્ષા માટે ફેર તપાસ સમિતિની નિમણૂંકને બદલે આગાઉ નિમાયેલ સમિતિને સદર બાબતનાં ફેર મુલ્યાંકનની જવાબદારી સોંપવી.**

**૨. આર્કિયોલોજી વિભાગ ખાતે સાધનો ખરીદ કરવા તથા લેબોરેટરી ઉભી કરવા બાબત :**

આર્કિયોલોજી વિભાગાધ્યક્ષશ્રી દ્વારા તા. ૧૧/૨/૧૯થી રજૂઆત મુજબ રાજ્ય સરકારશ્રી દ્વારા ફાળવવામાં આવેલ ગ્રાન્ટ તથન વ્યાજની રકમ મળી હાલે આ રકમ ૧૫૪,૨૪,૩૩૨/- થવા જાય છે જેમાંથી બોયો-આર્કિયોલોજી લેબોરેટરી વિકસાવવા તથા સાધનો જેવા કે, **Ground Penetrating Radar, XRF Accessories** ની ખરીદ કરવાની જરૂરિયાત છે, તથા **Bio -Archaeological Laboratories** વિકસાવવાની રહે છે જેની અંદાજીત કિમંત રૂ.૧,૧૦,૦૦,૦૦૦/- થવા જાય છે. સદર કામગીરી હાથ ધરવાની શરૂઆત સંબંધે થયેલ ચર્ચા વિચારણા બાદ નીચે મુજબ ઠરાવ કરવામા આવ્યો.

**<u>ઠરાવ : ૨ :</u> આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે,નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮ સુધી વણ વપરાશનાં કરણે વ્યાજ સહિતની જમા થયેલ ગ્રાન્ટની રકમ માંથી જરૂરિયાત મુજબનાં સાધનો ખરીદ કરવા માટે, ખરીદ સમિતિ મારફતે યોગ્ય નિયમોનાં પાલન સાથે ખરીદ કાર્યવાહી સત્વરે હાથ ધરવી.**

**૩. યુનિવર્સિટી કેમ્પસ પર કાર્યરત હોસ્ટેલ ખાતે ફરજ બજાવતા સ્ટાફ તથા સ્પોર્ટસ ડાયરેકટરનાં મહેનતાણામાં વધારો કરવા બાબત :**

શૈક્ષણિક વર્ષ ૨૦૧૦-૧૧થી છોકરાઓ તથા છોકરીઓ માટે યુનિવર્સિટી કેમ્પસ પર શરૂ કરવામાં આવેલ હોસ્ટેલ ખાતે રેકટર તરીકે વધારાની ફરજ બજાવતા સ્ટાફ તથા સ્પોર્ટસ ડાયરેકટર તરીકે વધારાની ફરજ બજાવતા સ્ટાફની તા. ૧૪/૨/૧૯ની સંયુકત રજૂઆત મુજબ તેઓને હાલે મળતા માનદ્ વેતન તરીકે શરૂઆતથી મળતી રકમમાં આજ સુધી કોઈ વધારો કરવામાં આવેલ ન હોય મોંઘવારી તથા સમકક્ષ પગાર ધોરણ તથા અન્ય વિભાગની જવાબદારી માટે ચૂકવાતા માનદ્ વેતન પ્રમાણે ન્યાય યુકત વ્યાજબી વધારો કરવા થયેલ માંગ બાબતે ચર્ચા વિચારણા બાદ નીચે મુજબ ઠરાવ કરવામા આવ્યો.

**<u>ઠરાવ : ૩ :</u> આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે, હાલનાં તબક્કે યથાવત પરિસ્થિતિ જાળવી રાખતાં અગાઉ નિયત થયેલ દરો મુજંબ જ માનદ્ વેતનનાં ચૂકવણા કરવા.**

**૪. કરાર આધારિત ફીક્ષ પગારથી નિમાયેલ બીન શૈક્ષણિક સ્ટાફનો પગાર યુનિવર્સિટીની આવક અંતર્ગત આકરવા થયેલ રજૂઆત બાબત :**

યુનિવર્સિટી ખાતે કરાર આધારિત પધ્ધતિ અન્વયે ફીક્ષ પગાર પર નિમાયેલ બીન શૈક્ષણિક સ્ટાફને હાલે માસિક ચૂકવવામાં આવતા ફીક્ષ પગારની રકમ,સરકારશ્રીનીનાં ગ્રાન્ટનાં નિયમો સંબંધે મળતી સૂચના મુજબ જે તે હેડ માટે ફાળવવામાં આવેલ ગ્રાન્ટની રકમ તે જ ખર્ચ માટે ઉપયોગમાં લેવી આવશ્યક છે વળી, કરાર આધારિત પધ્ધતિ અન્વયે ફીક્ષ પગાર પર નિમાયેલ બીન શૈક્ષણિક સ્ટાફનાં ફીક્ષ પગારની રકમમાં સમયાંતરે થતાં ફીક્ષ પગારનાં વધારા સાથે રૂ.૧૦,૦૦,૦૦૦/– થવા જાય છે માટે સરકારશ્રી માંથી મળતી ગ્રાન્ટ પર્યાપ્ત પણ ન હોય, સદર ચૂકવણાની રકમ યુનિવર્સિટીની પોતાની આવક પૈકીનાં હેડ માંથી આકારવી આવશ્યક બને છે તેવી રજૂઆત હિસાબી શાખાનાં તા. ૨૮/૨/૧૯ના પત્રથી કરવામાં આવેલ જે બાબતે ચર્ચા વિચારણા બાદ નીચે મુજબ ઠરાવ કરવામાં આવ્યો.

**<u>ઠરાવ : ૪ :</u> આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે, સરકારશ્રીનીનાં ગ્રાન્ટનાં નિયમો સંબંધે મળતી સૂચના તથા મળેલ ગ્રાન્ટ માંથી, કરાર આધારિત પધ્ધતિ અન્વયે ફીક્ષ પગાર પર નિમાયેલ બીન શૈક્ષણિક સ્ટાફને ચૂકવવામાં આવતી ફીક્ષ પગારની રકમ અકારવામાં આવતાં થયેલ ઘટને ધ્યાને લેતાં, સદર બાબતે અન્ય યુનિવર્સિટી ખાતે કરવામાં આવેલ વ્યવસ્થાની વિગતો મેળવી અને ફીક્ષ પગાર આકારણી સંદર્ભે યોગ્ય અભ્યાસ કરી તારણો તથા વિગતો સાથે ફેર રજૂઆત કરવી.**

**૫. રીનોવેશન કામગીરી અન્વયે બાકી રહેતા બીલોનાં ચૂકવણા કરવા બાબત :**

હિસાબી શાખાની તા. ૨૮/૨/૧૯ની રજૂઆત મુજબ નાણાકીય વર્ષ ૨૦૧૫–૧૬ સંબંધે રીનોવેશન માટે સરકારશ્રી વતી ફાળવવામાં આવેલ ગ્રાન્ટ અંતર્ગત હાથ ધરાયેલ કામગીરી સંબંધે રજૂ થયેલ બીલો પૈકી ભાવિક કોર્પોરેશન અને લક્ષ્મીદાસ ખીમજી એન્ડ કંપનીનાં બીલ ચૂકવવણા કાર્યવાહી દરમ્યાન, તેઓનાં બીલો અસલમાં રજૂ કરવામાં આવેલ ન હોતાં રીનોવેશન કમિટિ દ્વારા આ બીલો નામંજૂર કરવામાં આવેલ હતા જે અંગે ચૂકવણું ન થતાં સંબંધિત પાર્ટીઓ દ્વારા સદર ચુકવણા અર્થે ફેર રજૂઆત કરવામાં આવેલ છે તે અંગે થયેલ ચર્ચા વિચારણા બાદ નીચે મુજબ ઠરાવ કરવામા આવ્યો.

**<u>ઠરાવ : ૫ :</u> આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે, સંબંધિત વિભાગની યોગ્ય પૂર્તતા માટેની જવાબદારી તથા કોર્ટ કેસ સંબંધે પેપર વર્ક પુરુ કરી કેસ બાબતે સમાધાન કરી સંબંધિત પાર્ટીઓના બાકી રહેતા બીલનું ચૂકવણું કરવું.**

**૬. ઓ.એસ.ડી.(ફા.) ની નિમણૂંક કરવા તથા ઈન્ટરનલ ઓડીટ વિભાગ શરૂ કરવા બાબત :**

ઓ.એસ.ડી.(ફા.)ની મંજૂર થયેલ જગ્યા આજ સુધી ભરી શકાયેલ ન હોતાં હાલના તબક્કે વધારાની ફરજ તરીકે કામગીરીની ફાળવણી કરીને આ સેવાઓ લેવામા આવી રહેલ છે. છેલ્લા બે માસથી વધારાની ફરજ બજાવતા અધિકારીશ્રીને આ ફરજમાંથી મુકત કરવામાં આવતો આ જગ્યા ખાલી પડેલ છે. નાણાકીય બાબતની ગંભીરતાને ધ્યાને લેતાં તથા રોજ બ રોજનાં સુચારૂ વહીવટ માટે સત્વરે આ જગ્યા પર નિમણૂંક / વધારાની ફરજ રૂપે ફાળવવી આવશ્યક છે તથા યુનિવર્સિટી કાર્યાન્વિત થયે થી જ હિસાબી શાખા ખાતે ઈન્ટરનલ ઓડિટ વિભાગ માટે અલગથી વ્યવસ્થા ન હોવાથી બીલોની યોગ્યતા બાબત પ્રશ્નો, કામગીરીનું ભારણ તથા ચૂંકવણા માટે વિલંબ થાય છે તેવી રજૂઆત હિસાબી શાખાની તા. ૨૮/૨/૧૯ના પત્રથી થયેલ હોય,સદર બાબતે થયેલ ચર્ચા વિચારણા બાદ નીચે મુજબ ઠરાવ કરવામા આવ્યો.

**<u>ઠરાવ : ૬ :</u> આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે, ઓ.એસ.ડી.(ફા.)ની સેવાઓ લેવા માટે કરાર આધારિત ભરતી માટેનાં સરકારશ્રીનાં પ્રવર્તમાન નિયમોને આધિન તથા સંબંધિત કામગીરી અન્વયે જવાબદારીઓ નકકી કર્યા બાદ આ જગ્યા માટે ૧૧ માસનાં કરાર આધારિત ફીક્ષ પગાર ધોરણે પ્રથમ ૧૧ માસ માટે અને જો કામગીરી યોગ્ય જણાયતો વધુમા સદર નિમણૂંકની મુદ્દત વધારવા વિચારણા અર્થે રજૂઆત કરવી ઈન્ટરનલ ઓડિટ વિભાગની વ્યવસ્થા ઉભી કરવી આવશ્યક ગાઈડ લાઈન તૈયાર કરવી.**

**વધુમાં, ઉકત રીતે નિયત કરાયેલ ભરતી પધ્ધતિ તથા શરતોએ જ સિવિલ એન્જીનિયરની જગ્યા ભરવા માટે પણ જાહેરાત આપવી.**

**૭. પૂર્ણ સમયનાં ચાર્ટડ એકાઉન્ટન્ટની નિયુકિત કરવા બાબત :**

હિસાબી શાખાની તા. ૨૮/૨/૧૯ની રજૂઆત મુજબ નાણાકીય વર્ષ ૨૦૧૨–૧૩થી જે.એચ.એસોસીયેટ, ભુજ મારફતે યુનિવર્સિટીનાં નાણાકીય વ્યવહારોનું ઓડિટ કરાવામાં આવી રહેલ છે આ સેવાઓ નિયમિત ધોરણે ચલાવવા તથા છેલ્લા છ વર્ષથી એક જ કંપનીની સેવાઓ લેવાઈ રહેલ હોય, ફેર કવોટેશન મંગાવવા બાબતે થયેલ ચર્ચા વિચારણા બાદ નીચે મુજબ ઠરાવ કરવામા આવ્યો.

**<u>ઠરાવ : ૭ :</u> આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે, ચાર્ટડ એકાઉન્ટન્ટની નિયુકિત કરવા માટે કવોટેશન મંગાવી આગળની કાર્યવાહી અર્થે રજૂઆત કરવી.**

**૮. M.Sc. – Microbiology અભ્યાસક્રમ શરૂ કરવા થયેલ ફેર રજૂઆત બાબત :**

ગાંધીધામ કોલેજીએટ બોર્ડ સંચાલિત તોલાણી કોલેજ ઓફ આર્ટસ એન્ડ સાયન્સ, આદિપૂરનાં તા. ૨૮/૨/૧૯નાં પત્રથી થયેલ રજૂઆત મુજબ, સંસ્થા દ્વારા કાયમી સ્વનિર્ભરતાનાં ધોરણે M.Sc. –

Microbiology અભ્યાસક્રમ શરૂ કરવા માટે છેલ્લા ત્રણ વર્ષથી રજૂઆત કરવામાં આવેલ છે જે ધ્યાને લઈ યોગ્ય કાર્યવાહી હાથ ધરવા બાબતે ચર્ચા વિચારણા બાદ નીચે મુજબ ઠરાવ કરવામા આવ્યો.

**ઠરાવ : ૮ :** **આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે, કાયમી સ્વનિર્ભરતાનાં ધોરણે M.Sc. Microbiology અભ્યાસક્રમ સંબંધિત કોલેજ ખાતે શરૂ કરવા માટેની જરૂરિયાતની ચકાસણી અર્થે નીચે જણાવેલ સભ્યશ્રીઓની બનેલી Need Committee નીરચના કરવામાં આવે છે જેનો અહેવાલ આવ્યે ફેર રજૂઆત કરવી.**

**૧. ડૉ.શ્રી જી.એન.બક્ષી –અધ્યક્ષશ્રી**
**ડીનશ્રી, વિજ્ઞાન વિદ્યાશાખા, તથા અધ્યક્ષશ્રી, રસાયણશાસ્ત્ર ભવન,**
**કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટી,ભુજ – કચ્છ.**

**૨. ડૉ.શ્રીએમ.એચ.ત્રિવેદી –સભ્યશ્રી**
**એસોસીયેટ પ્રોફેસર, ડિપાર્ટમેન્ટ ઓફ અર્થ એન્ડ એન્વાયરમેન્ટલ સાયન્સ,**
**કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,ભુજ – કચ્છ.**

**૩. ડૉ.શ્રી જે.જે.ભટ્ટ –સભ્યશ્રી**
**એસોસીયેટ પ્રોફેસર, રસાયણશાસ્ત્ર ભવન,**
**કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,ભુજ – કચ્છ.**

**૯. સ્વનિર્ભરતાના ધોરણે ચાલતા B.Sc. - અભ્યાસક્રમ સંબંધે શિક્ષણ વિભાગ લક્ષી કાર્યવાહી હાથ ધરવા બાબત :**

ગાંધીધામ કોલેજીએટ બોર્ડ સંચાલિત તોલાણી કોલેજ ઓફ આર્ટસ એન્ડ સાયન્સ, આદિપૂરનાં પત્ર ક્રમાંક : Ref.TASC/SF/2018-19/737 તા. ૨૮/૨/૧૯થી થયેલ રજૂઆત મુજબ, સંસ્થા ખાતે કાયમી સ્વનિર્ભરતાનાં ધોરણે ચાલતા **B.Sc.** અભ્યાસક્રમ સંબંધે શિક્ષણ વિભાગ ખાતે રજૂઆત કરવા સંબંધિત જરૂરી આધાર –દસ્તાવેજ સ્પષ્ટતા સહ રજૂ કરી દેવામાં આવેલ હોય, શિક્ષણ વિભાગને સંબંધિત જોડાણ માટે ભલામણ દરખાસ્ત રજૂ કરવા બાબતે થયેલ ચર્ચા વિચારણા બાદ નીચે મુજબ ઠરાવ કરવામા આવ્યો.

**ઠરાવ : ૯ :** **આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે, સંબંધિત સંસ્થા ખાતે કાયમી સ્વનિર્ભરતાના ધોરણે ચાલતા B.Sc. અભ્યાસક્રમ સંબંધે શિક્ષણ વિભાગ ખાતે જોડાણ માટે નિયમોને આધિન ભલામણ –દરખાસ્ત સત્વરે કરવી.**

**૧૦. શૈક્ષણિક વર્ષ ૨૦૧૮–૧૯ સંદર્ભે અનુસ્નાતક કક્ષાએ ફાઉન્ડેશન કોર્ષની પરીક્ષા આયોજન બાબત :**

અનુસ્નાતક કક્ષાએ ચલાવવામા આવતા અભ્યાસક્રમો માટે સી.બી.સી.એસ. અધ્યાપન પધ્ધતિ અંતર્ગત ફાઉન્ડેશન કોર્ષ તરીકે બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી સંચાલિત વિષયો

નિયત કરવામા આવેલ છે અને જેનું પરિણામ માર્કશીટમાં પણ દર્શાવવામાં આવે છે. શૈક્ષણિક વર્ષ ૨૦૧૮–૧૯ સંબંધે થયેલ પ્રવેશ પ્રક્રિયા બાદ આજ સુધી અભ્યાસલક્ષી મટેરીયલ પુરુ પાડવામાં આવેલ ન હોય,સદર પરીક્ષાનાં આયોજન બાબતે થયેલ ચર્ચા વિચારણા બાદ નીચે મુજબ ઠરાવ કરવામા આવ્યો.

**<u>ઠરાવ : ૧૦ :</u> આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે, સદર પરીક્ષાઓનું આયોજન માહે એપ્રિલ '૨૦૧૯માં કરવું અને યોગ્ય મટેરીયલ સમયસર મેળવવા પ્રયત્નશીલ રહેવું.**

**૧૧. શૈક્ષણિક તથા પરીક્ષાલક્ષી કામગીરી અર્થે આવતા અધ્યાપકોને ચૂકવવામાં આવતા વાહન ભાડાનાં દરો વધારવા બાબત :**

શૈક્ષણિક તથા પરીક્ષાલક્ષી કામગીરી માટે યુનિવર્સિટી ખાતે બહારથી આવતા અધ્યાપકોને હાલે ચૂકવવામાં આવતા વહાન ભાડા –ટીએ માં વધારો કરવા અંગેની ચર્ચા વિચારણા બાદ નીચે મુજબ ઠરાવ કરવામા આવ્યો.

**<u>ઠરાવ : ૧૧ :</u> આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે, સરકારશ્રીનાં પ્રવર્તમાન ધારા ધોરણો અન્વયે જ ટી.એ./ડી.એ.ની રકમ ચૂકવવામાં આવતી હોય, સદર વ્યવસ્થા જાળવી રાખવી.**

**૧૨. પરીક્ષા શુધ્ધિ સમિતિનાં બેઠક દરો નિયત કરવા બાબત :**

યુનિવર્સિટી દ્વારા યોજવામાં આવતી પરીક્ષાઓ સંદર્ભે નોંધતા કોપી કેસનાં નિવારણ અને સજા નિયત કરવા બાબતે પરીક્ષા શુધ્ધિ સમિતિનું ગઠન કરવામાં આવે છે સદર સમિતિની બેઠક સંબંધે ભથ્થા નિયત કરવા અંગેની ચર્ચા વિચારણા બાદ નીચે મુજબ ઠરાવ કરવામા આવ્યો.

**<u>ઠરાવ : ૧૨ :</u> આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે, પરીક્ષા શુધ્ધિ સમિતિની બેઠકનાં ભથ્થા સંદર્ભે કોઈ ફેરફાર ન કરતાં, હાલની પરિસ્થિતિ જાળવી રાખવી.**

**૧૩. મુકતજીવન મહિલા કોલેજ દ્વારા ગોલ્ડ મેડલ અંગેના નિયમોમાં ફેર વિચારણા કરવા બાબત :**

યુનિવર્સિટી તથા અનુદાન મેળવીને આપવામાં આવતા એવોર્ડસ – ગોલ્ડ મેડલ સંબંધિત નિયમોમાં બાંધછોડ / ફેરફાબ કરવા અંગેની ચર્ચા વિચારણા બાદ નીચે મુજબ ઠરાવ કરવામા આવ્યો.

**<u>ઠરાવ : ૧૩ :</u> આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે, અનુદાન મેળવીને આપવામાં આવતા એવોર્ડસ – ગોલ્ડ મેડલ્સ માટે મળતી દાનની રાશી, વ્યાજ તથા અન્ય બાબતો સંદર્ભે નિયત થયેલ નીતિ નિયમોમાં કોઈ બાંધછોડ/ ફેરફાર ન કરતાં, નિયત નિયમોનું અમલી કરણ કરવાનું રહેશે વધુમાં, જો કોઈ દાતાશ્રીની આ બાબતની રજૂઆત હોય તો**

**પણ, એવોર્ડસ – ગોલ્ડ મેડલસ માટે એકસૂત્રતા જાળવવાનાં હેતુને મધ્યે નજર રાખી એક સરખા નિયમોનું પરીપાલન કરવાનું રહેશે જેથી દરેક વિદ્યાશાખાનાં વિદ્યાર્થીઓને સમાન એવોર્ડસ – ગોલ્ડ મેડલ્સ આપી શકાય.**

**૧૪. શૈક્ષણિક, પરીક્ષાલક્ષી કામગીરી તથા અન્ય કામગીરી અર્થે આવતા અધ્યાપકો તથા વહીવટી સ્ટાફને ચૂકવવામાં આવતા ટી.એ. ડી.એ.ની રકમ રોકડમા ચૂકવવા તથા NEFT નું વિગતવાર વર્ણન કરવા બાબત :**

યુનિવર્સિટી ખાતે શૈક્ષણિક તથા પરીક્ષાલક્ષી કામગીરી માટે બહારથી આવતા અધ્યાપકો તથા અન્ય વહીવટી કામગીરી સંબધે ચૂકવવાપાત્ર થતી ટી.એ. ડી.એ.ની રકમ હાલમાં બેંક એકાઉન્ટમા જમા કરવામા આવે છે જેથી તે રકમ કરપાત્ર બને છે માટે આ રકમ રોકડમા ચૂકવવા તથા NEFT દ્વારા જમા થયેલ રકમ સંબંધે વિગતવાર વર્ણન આપવામા આવે તે અંગેની ચર્ચા વિચારણા બાદ નીચે મુજબ ઠરાવ કરવામા આવ્યો.

**ઠરાવ : ૧૫ :** **આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે, ટી.એ. ડી.એ.ની રકમની કરપાત્ર રકમમાં ગણતરી થતી હોય, સદર રકમ ખરેખર ખર્ચ હોવાથી કરપાત્રતા ન થતી હોવાથી આજ રોજથી બેરર ચેક થી ચૂકવવાપાત્ર બનશે તથા NEFT દ્વારા જમા થયેલ રકમ સંબંધે વિગતવાર વર્ણન મેળવવા સંબંધે સંબંધિતોને યોગ્ય સૂચનો આપવા.**

**૧૫. અધ્યક્ષ સ્થાનેથી જે રજૂ થાય તે...**

**(૧) જોડાણ વિભાગ સંબંધિત ટેબલ કામગીરી અનુભવી કર્મચારીને ફાળવવા બાબત :**

યુનિવર્સિટી સાથે થતા અભ્યાસક્રમોના જોડાણ માટે વિદ્યાર્થી વિભાગ ખાતે ટેબલ કામગીરી ફાળવવામાં આવેલ હોય, સદર ફરજો કું. દક્ષાબેન ડી. જોષી –ડેટા એન્ટ્રી ઓપરેટરનાં સદર કામગીરી સંદર્ભે શૈક્ષણિક વર્ષ ૨૦૦૪થી ૨૦૧૬ સુધીનાં લાબાંગાળાનાં અનુભવને મધ્યે નજર રાખી જોડાણ વિભાગની ફરજો તેઓને સોંપવા તથા સદર કામગીરી રૂમ નંબર ૧૦૫ ખાતે બજાવવાની રહે તે બાબતે ચર્ચા વિચારણા બાદ નીચે મુજબનો ઠરાવ કરવામાં આવ્યો.

**ઠરાવ : ૧૬ :** **આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે, ઉક્ત વિગતે જોડાણ વિભાગ સંબંધિત ફરજો, તારીખ ૫મી માર્ચ ૨૦૧૯થી કું. દક્ષાબેન ડી. જોષી –ડેટા એન્ટ્રી ઓપરેટરનાં સદર કામગીરીનાં અનુભવને મધ્યે નજર રાખી સોંપવી.**

**(૨) માર્ચ / એપ્રિલ ૨૦૧૯માં યોજાનાર પરીક્ષા સંબંધે પરીક્ષા શુધ્ધિ સમિતિની રચના કરવા બાબત :**

યુનિવર્સિટી દ્વારા યોજવામાં આવતી પરીક્ષાઓ સંદર્ભે આગામી પરીક્ષા આયોજન માર્ચ / એપ્રિલ ૨૦૧૯માં કરવામાં આવનાર છે સદર પરીક્ષા સંબંધે કોપી કેસ નોંધાયતો તેનાં નિવારણ અને સજા

નકકી કરવા માટે પરીક્ષા શુધ્ધિ સમિતિની રચના કરવા કરવી આવશ્યક હોય, તે બાબતે ચર્ચા વિચારણા બાદ નીચે મુજબનો ઠરાવ કરવામાં આવ્યો.

**ઠરાવ : ૧૭ :** આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે, માર્ચ / એપ્રિલ ૨૦૧૯માં યોજવામાં આવનાર પરીક્ષા સંબંધે જો કોપી કેસ નોંધાય તો તેના નિવારણ અને સજા નિયત કરવા અર્થે પરીક્ષા શુધ્ધિ સમિતિની નીચેની વિગતે રચના કરવામાં આવે છે.

| ક્રમ | સમિતિ સભ્યનું નામ અને હોદ્દો |
|---|---|
| ૧. | ડૉ.શ્રી એસ.જી.ધર્માણી —અધ્યક્ષશ્રી<br>આચાર્યશ્રી,ગાંધીધામ કોલેજીએટ બોર્ડ સંચાલિત તોલાણી કોલેજ ઓફ આર્ટસ એન્ડ સાયન્સ, આદિપુર – કચ્છ. |
| ૨. | ડૉ.શ્રી એમ.કે.પંડયા – સભ્યશ્રી<br>આર્ચાશ્રી, ગાંધીધામ કોલેજીએટ બોર્ડ સંચાલિત તોલાણી કોલેજ ઓફ કોમર્સ, આદિપુર – કચ્છ. |
| ૩. | ડૉ.એલ.વી.ફફલ – સભ્યશ્રી<br>આચાર્યશ્રી,આર.ડી.એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત એસ.ડી. શેઠિયા કોલેજ ઓફ એજ્યુકેશન, મુન્દ્રા–કચ્છ. |
| ૪. | ડૉ. કે.પી મહેતા – સભ્યશ્રી<br>એસોસીયેટ પ્રોફેસર, અંગ્રેજી વિભાગ,ભાષા ભવન, કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,ભુજ – કચ્છ. |

**(૩) ઓકટો/ડીસે.૨૦૧૮ અને માર્ચ /એપ્રિલ ૨૦૧૯માં ઓલ્ડ પેટર્ન બંધ થાય છે તો નાપાસ થતા વિદ્યાર્થીઓને કયા અભ્યાસ ક્રમમાં / પેપર પ્રવેશ આપવા બાબત :**

ઓલ્ડ પેટર્નનાં વિષયો સંબંધે ઓકટો/ડીસે.૨૦૧૮ અને માર્ચ /એપ્રિલ ૨૦૧૯થી પરીક્ષા યોજવાની રહેતી નથી,પરંતુ સદર પરીક્ષાઓ સંબંધે જે તે વિષયમાં નાપાસ થતાં પરિક્ષાર્થીઓએ સંબંધિત પદવી મેળવવા અભ્યાસ પૂર્ણ કરવો આવશ્યક બને, માટે ઓલ્ડ પેટર્નની પરીક્ષામાં નાપાસ થતા વિદ્યાર્થીઓ માટે વ્યવસ્થા ઉભી કરવાની રહે છે જે બાબતે ચર્ચા વિચારણા બાદ નીચે મુજબનો ઠરાવ કરવામાં આવ્યો.

**ઠરાવ : ૧૮ :** આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની મંજૂરી મેળવવાની અપેક્ષાએ, ઉકત વિગત સંબંધિત પરિક્ષાર્થીઓને તેઓની પદવી સંબંધે પ્રવર્તમાન ન્યુ પેટર્ન અંતર્ગત સમાવેશ કરવો આમ શૈક્ષણિક વર્ષ ૨૦૧૦–૧૧ અને ૨૦૧૧–૧૨નાં સેમેસ્ટર સંબંધિત પરીક્ષાઓ જો નાપાસ થયેલ હોય તેઓએ શૈક્ષણિક વર્ષ ૨૦૧૬–૧૭ નાં નવા અભ્યાસક્રમમાં સમાવેશ કરી પરીક્ષાઓ યોજવી.

**(૪) બાંધકામ શાખાની રજૂઆત બાબત :**

બાંધકામ શાખાના તા.૧/૨/ ૨૦૧૯ના પત્રથી થયેલ રજૂઆત મુજબ તેઓ દ્વારા ખરીદ સમિતિ, બાંધકામ સમિતિ તથા નાણાં સમિતિની બેઠકો યોજવામાં આવેલ હતી જેનાં અનુક્રમે તા. ૯/૨/૧૯નાં રોજ ટેન્ડરોનાં પ્રિલીમનરી બીડ ઓપનીગ કાર્યવાહી અને તા. ૧૮/૨/૧૯નાં ટેન્ડરોના ટેકનિકલ અને ફાયનાન્સિલ બીડ ઓપનીગ કાર્યવાહી તથા તા. ૨૭/૨/૧૯નાં નેગોશિએશન કાર્યવાહી હાથ ધરવામાં આવેલ હતી. આમ આ ત્રણ બેઠકોમાં હાથ ધરાયેલ કામગીરીની મિનિટ્સ નોંધ તૈયાર કરી આગળની સંબંધિત કામગરી માટે બહાલી અર્થે રજૂ કરવામા' આવતાં સદર બાબત અંગે થયેલ ચર્ચા વિચારણા બાદ નીચે મુજબ ઠરાવ કરવામાં આવ્યો.

**<u>ઠરાવ : ૧૯ :</u> આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે, ઉકત વિગતે થયેલ રજૂઆત સંદર્ભે થયેલ ફેરફાર સંબંધે ફેર નેગોશિયેશન થયે બાંધકામ સમિતિની ભલામણ સાથે બહાલી અર્થે રજૂઆત કરવી.**

**(૫) યુનિવર્સિટી ખાતે કરાર આધારિત પધ્ધતિથી ફીક્ષ પગાર મેળવતા હંગામી બીનશૈક્ષણિક સ્ટાફને ચૂકવવાનાં થતાં બાકી ઈજાફાની જાન્યુ ૨૦૧૯માં એરિયસ રૂપે થયેલ ચૂકવણી સંબંધે બહાલી બાબત:**

યુનિવર્સિટી ખાતે કરાર આધારિત પધ્ધતિથી ફીક્ષ પગાર મેળવતા હંગામી બીનશૈક્ષણિક સ્ટાફને ઓગષ્ટ ૨૦૧૮થી અસરમાં આવે તે રીતે પગારનાં ૧૨% લેખે ગત તા.૪/૮/૧૮ નાં રોજની એકિઝકયૂટીવ કાઉન્સિલનાં ઠરાવ ક્રમાંક : ૦૯ :થી ચૂકવવાનું ઠરાવવામાં આવેલ હતુ, પરંતુ હકીકતે સદર ચૂકવણું થયેલ ન હતું તેથી આ ચૂકવણું જાન્યુ.૨૦૧૯માં આ રકમ એરિયર્સ તરીકે, એકિઝકયૂટીવ કાઉન્સિલની મંજૂરીની અપેક્ષાએ ચૂકવવામાં આવેલ હોય આ ચૂકવણાં કાર્યવાહીને બહાલ રાખવા અંગેની બાબતે થયેલ ચર્ચા વિચારણા બાદ નીચે મુજબ ઠરાવ કરવામાં આવ્યો.

**<u>ઠરાવ : ૨૦ :</u> આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે, નિયત કરાયેલ ઈજાફાની રકમનાં બાકી રહેતાં ચૂકવવણાં સંબંધે ચૂકવવામા આવેલ એરિયર્સ કાર્યવાહીને બહાલ રાખવામાં આવે છે પરંતુ અન્ય આદેશ ન થાય ત્યાં સુધી સંબંધિત ઈજાફો માર્ચ ૨૦૧૯થી સ્થગિત કરવો.**

**(૬) યુનિવર્સિટી વાહન –કારની કાર્યક્ષમતા ઘટતાં રીપેરીગ કાર્યવાહી હાથ ધરવા બહાલી આપવા બાબત:**

યુનિવર્સિટીનાં વાહન – કાર સફારી વ્હાઈટ નંબર **GJ-12-G-1257** નાં એન્જિનમાં ખરાબી સર્જાતા આ કાર તેની પૂરી કાર્યદક્ષતાથી ચાલતી ન હોય,સદર એન્જિન રીપેરીગ સંદર્ભે અંદાજીત ખર્ચ રૂા. ૧,૧૫,૦૦01– થવા છતા ૫૦,૦૦૦ કિ.મી.ના જ યોગ્ય વપરાશની શકયતા હોય,આ કાર રાઈટ ઓફ કરવા / રીપેરીગ અંગે કાર્યવાહી હાથ ધરવા પાત્ર બને છે તે બાબત અંગે થયેલ ચર્ચા વિચારણા બાદ નીચે મુજબ ઠરાવ કરવામાં આવ્યો.

**ઠરાવ : ૨૦ :** આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે હાલે,સફારી વ્હાઈટ કાર નંબર GJ-12-G-1257 નાં એન્જિનમાં ખરાબી સંબંધે યોગ્ય રીપેરીંગ કામગીરી હાથ ધરવી તથા તે અંગેના અંદાજીત ખર્ચ આથી બહાલ રાખવામાં આવે છે.

અન્ય કોઈ મુદ્દો ઉપસ્થિત ન થતાં અધ્યક્ષશ્રીના આભાર સાથે સભા પૂર્ણ થયેલ જાહેર કરવામાં આવી...

---

કુલસચિવ
ઇ/ચા કુલસચિવ
કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટી
ભુજ-કચ્છ.